



## નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

### પમરાટ

કોણ પૂછે તો કહું કે આ ઉદાસી કેમ છે ?
ગામ, શેરી ને પછી ઘર કુશળ છે, ક્ષેમ છે.

જે હતાં લીલાં હવે સૂકાં થયાં, ઓ ડાળખી!
પાંદડાંને કારણે પોપટ હતા – નો વ્હેમ છે.

બંધ દરવાજે ટકોરા મારતાં તારાં સ્મરણ
નામ સરનામા વગરના કાગળોની જેમ છે.

હું તને મારી ગઝલ દ્વારા ફક્ત ચાહી શકું
એ સમે આ શબ્દ સાલા સાવ ટાઢા હેમ છે.

- ચિનુ મોદી

### પાથેય

# ગામની વાત...

"આખો સંસાર ગજવામાં ઘાલીને, વનની વાટે બધું ખોઈ દઈને,તપમાં બેસી જનારા સાધુસંતોથી ગામ છૂટી જતું હશે..આપણે તો ગામઘેલા..આપણું ઘડતર ચણતર કરનારૂં ગામ એમ છોડ્યું છૂટતું નથી..અંદર તો એ વળગેલું જ રહે છે. આપણો અસલનો મલક જ ગામ.બાર ઘરનું હોય કે બારસો ઘરનું..સો માણસોનું હોય કે હજારેની વસ્તીવાળું..માઢ,મેડીઓ,ખડકીઓ હોય કે હારબધ્ધ ઘરોની વચ્ચે ફળિયાવાળું ગામ હોય..જે હોય તે પણ એનાથી ઉત્તમ જગા આપણા માટે જગતમાં અન્ય કશે નથી..ડીગ્રીઓ અને પદો ગામમાં પેસતાં જ ખરી પડે.."

ત્યારે તો દરેક ગામને પોતાનો એક ચહેરો હતો.ગામને એની ખાસિયતથી કે વ્યકિતવિશેષથી પણ ઘણી વખત ઓળખવામાં આવતું.'વ્યકતિત્વ' હતું..મારા તમારા ગામને એનું આગવું રૂપ હતું..જે હજુ આપણા મનમાંથી હટતું નથી..આજે તો ગામડાંયે શહેરોના..તાલુકા જેવા ટાઉનના સપાટ ને સરખા ચહેરા પહેરી લીધા છે ! જૂની વસ્તુઓમાં પણ ભૂગોળ બહુ બદલાઈ નહીં હોય તો ઈતિહાસ તો ખંડેર થયો જ હશે ! ને એટલે જ તો ગામ હવે મનની મંજૂષામાં સાચવવાની વસ-જણસ બની ગયું છે..."


આ શબ્દો છે લેખક મણિલાલ હ.પટેલના.ગામની વાત અનોખી હોય છે.

ગ્રામ્ય વિસ્તારની બુલંદી જોવી હોય તો તમારે સીમની આરપાર નીકળી જવું પડે..થોડાક અલગારી થઈ જવું પડે..ખાંખત રાખી ટહેલવાની તૈયારી રાખવી પડે..અને પછી જે ખજાનો તમને મળે એ સોગાત સાચવવા જેવી હોય...

મહીસાગરનો મલકાટ દરેક સ્થળે અનોખો હોય છે..આજે સંતરામપુરથી આગળ રાજસ્થાન સીમાએ લટકી રહેલા ચીતવા ગામનો પ્રકૃતિ વૈભવ જોઇ દિંગ થઈ જવાયું..કડાણા ડેમની પાછળ આવેલા સ્રાવ વિસ્તારમાં આવેલો એ રમણીય પ્રદેશ..એકતરફ હરિયાળી ડુંગરમાળ અને બીજી તરફ પાણીનો રેલમછેલ વૈભવ..સડકનો આવો દબદબો હોય એ પહેલીવાર જોયું..!

ચીતવા ગામ વનરાજી અને ટેકરીઓ વચ્ચે વિખરાયેલા ઘરોના રમણીય સ્કેચ જેવું...મહીસાગરનાં નીર અહીં થોડાંક શાંત અને ઠાવકાં લાગે..કડાણા ડેમ ભરાઈ જાય ત્યારે આ ગામ સહીત અનેક નાનાં નાનાં ગામો રમણીય ટાપુઓ બની જાય..અને એક અદભુત ટાપુ સમુદાય ઉપસી આવે વગડા વચ્ચે...અત્યારે પણ નાના મોટા ઘણા ટાપુઓ જોવા મળ્યા...નદીનાં નીર ઓસરે એટલે ભીની માટીના કવચ વાળી ફળદ્રુપ ભાઠાની જમીન ઉપસી આવે..એમાં લ્હેરાય લીલાંછમ ખેતરો..અદભુત મોલ, પશુ પંખીઓ અને મહેનતકશ માણસો...

# રણકાંઠાના સંવેદનશીલ શિક્ષક : ભગવતદાન ગઢવી



ગુજરાત નસીબદાર છે કે તેને આદર્શ, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ શિક્ષકોની કદી ખોટ પડતી નથી. શિક્ષણમાં વ્યાપારીકરણ વધ્યું, સરકારનો પ્રાથમિક શિક્ષકો માટેનો અભિગમ ગમે તેવો હોય કેટલાક શિક્ષકો એવા છે જે સ્વસ્થ સમાજના નિર્માણને કેન્દ્રમાં રાખીને આપમેળે કામ કર્યા જ કરે.

શિક્ષકના વ્યવસાયને ગૌરવ અપાવે તેવા આવા જ એક શિક્ષક એટલે ભગવતદાન ગઢવી.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ઝાડિયાણા નામનું એક ગામ છે. થોડાં વર્ષો પહેલાં આ ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ચાલી રહ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે પાટડીનાં તત્કાલીન પ્રાંત અધિકારી દમયંતીબહેન ઉપસ્થિત હતાં. પોતાના પ્રવચન દરમિયાન તેમની નજર ફાટેલો ગણવેશ પહેરીને બેઠેલી સાતમા ધોરણની એક વિદ્યાર્થીની ઉપર ગઈ. તેમણે વક્તવ્યમાં આ વાત વણીને કહ્યું કે આ દીકરીને ફાટેલા ગણવેશે શાળામાં આવવું પડે છે એ આપણા બધા માટે સારું ના કહેવાય. આ વાત આમ તો ત્યાં હાજર હતા એ બધાંએ સાંભળી, પરંતુ કાર્યક્રમનું સંચાલન કરતા એ જ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ભગવતદાન ગઢવી પર તેની જબરજસ્ત અસર થઈ. એ વખતે જ તેમણે મનોમન નક્કી કર્યું કે આ દીકરીને હું યુનિફોર્મની સગવડ કરી આપીશ. કરી પણ આપી. પછી તો તેમણે દીકરી દત્તક યોજના શરૂ કરી. દીકરીઓને દત્તક લઈને તેમને યુનિફોર્મ ઉપરાંત દફતર, ચોપડા, પેન જેવી મદદ કરવાનો પ્રારંભ કર્યો. એક દીકરીથી શરૂ થયેલી આ યોજનામાં અત્યારે ૧૧ થી વધુ દીકરીઓને સહયોગ થઈ રહ્યો છે.

તેમની દીકરી સ્નેહલબાને બી.એડ. કરવાનું થયું ત્યારે દીકરી ભણવા રાજી નહીં. કારણની ખબર પડી ત્યારે નવાઈ લાગી. ભગવતદાનની દીકરીની એક બહેનપણીને પણ બી.એડ. કરવું હતું પણ આર્થિક સ્થિતિ નહોતી. પિતા ભગવતદાને પોતાની દીકરીને કહ્યું કે આપણે તેને પણ ભણાવીશું. તેમણે પોતે તથા હાસ્યકાર જગદીશ ત્રિવેદી, સમાજસેવિકા જિજ્ઞાબહેન શેઠ, જીતેનભાઈ પટેલ વગેરેના સહયોગથી તેનું ભણાવવાનું પૂર્ણ કરાવ્યું.

તેઓ કહે છે કે હું મૂળ લોકસાહિત્યનો વિદ્યાર્થી. માનવીમાં સંવેદના જગાડે એ જ સાચું સાહિત્ય.. એવું સૂત્ર મારા માનસપટ ઉપર રમ્યા કરે છે. મેં નક્કી કર્યું કે મારા કાર્યક્રમમાંથી થતી આવકનો અમુક ભાગ આ દીકરી દત્તક યોજના પાછળ જ વાપરીશ.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેઓ પ્રતિબદ્ધ છે. તેમણે પોતાની શાળામાં ખોયા-પાયા વિભાગ શરૂ કર્યો. બાળકોને કહ્યું કે જડેલું મૂકવાનું અને ખોવાયેલું લઈ જવાનું. બાળકોને ટેવ પડી કે જે આપણું ના હોય તે આપણી પાસે ના રખાય. જેનું હોય તેને પરત કરી દેવાય. તેની અસર એવી પડી કે એક વખત જાનમાં આવેલાં બહેનનો સાડા ત્રણ તોલાનું ઘરેણું પડી ગયું તો આ શાળામાં પાંચમા ધોરણમાં ભણતી હિના નામની માલધારીની દીકરીએ જઈને એ ઘરેણું પાછું આપ્યું. ભગવતદાને જે પ્રવૃત્તિ શાળામાં શરૂ કરાવી હતી તે ઊગી નીકળી.

હવે વાત કરીએ જન્મદિવસની ઉજવણીની. આજનો દીપક એ નામના કાર્યક્રમમાં શાળાના દરેક બાળકના જન્મદિવસે શુભેચ્છા પાઠવવામાં આવે. ભગવતદાને નક્કી કર્યું કે કંઈક જુદુ કરીએ. તેમણે જે બાળકનો જન્મદિવસ હોય તેને અભિનંદન કાર્ડ, ફૂલસ્કેપ ચોપડો અને પેન આપવાનું ચાલું કર્યું. છેલ્લાં ઘણાં વર્ષોથી હવે આ શિક્ષક દરેક બાળકને જન્મદિવસે આ રીતે જ ચીજ-વસ્તુઓ ભેટ આપે છે. તેમના દીકરા વિવેકના ૧૯મા જન્મદિવસે કેક કાપવાને બદલે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું, થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે રક્તદાન શિબિર કરી ૬૦ બોટલ રક્ત ભેગું કર્યું અને ૧૯ દીકરીઓને ગણવેશ ભેટ આપ્યા. શાળાનાં બાળકો ડિજિટલ શિક્ષણ સાથે જોડાય એટલે તેમણે ૧૧૦૦૦ રૂપિયાની કિંમતનું પ્રોજેક્ટર પોતાના તરફથી ખરીદીને શાળાને ભેટ આપ્યું અને હા, બાળકોને ભોજન તો કરાવવાનું જ. સારાં કાર્યોની અસર સમાજમાં બીજા લોકો પર પડતી હોય છે. તેમના આ બધી પ્રવૃત્તિઓમાં તેમના બીજા મિત્રો પણ જોડાયા અને શાળાના બાળકો માટે રમતગમતનાં સાધનોની કીટ, ટ્રેક-શુટ અને રોકડ રકમ પણ આપી.

ભગવતદાન ગઢવી લોકસાહિત્યના ખાસા અભ્યાસી છે. તેમનું મંચ સંચાલન વખણાય છે. જુદી જુદી ટેલિવિઝન ચેનલો ઉપર તેમના નિયમિત કાર્યક્રમો આવે છે. સઘન સંશોધક પણ છે. સંવેદનશીલતા એ તેમના વ્યક્તિત્વનું એક મહત્ત્વનું પાસું છે માત્ર પગાર લેનારા શિક્ષક બની રહેવાને બદલે તેઓ રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો કરે છે. તેથી જ તેમણે શાળામાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે અક્ષયપાત્ર યોજના, બાળકોમાં પ્રમાણિકતાનું નિર્માણ થાય એટલે માટે રામહાટના પ્રયોગો કર્યા. બાળકોમાં સફળ સભાસંચાલનની સક્ષ્ઝતા વિકસાવા માટે દરરોજ તેઓ પ્રાર્થના સભાનું સંચાલન જુદાં જુદાં બાળકો પાસે કરાવે. હવે તો એવું થયું છે કે એમની શાળાનાં તમામ બાળકો નિર્ભયતાથી આત્મવિશ્વાસ સાથે સભા- સંચાલન કરી શકે છે.

મારી વિશેષ પ્રવૃત્તિમાં બાળકોમાં દેશભક્તિના ગુણ વિકસે એ માટે ૨૦૨૨ની પહેલી ઑગસ્ટથી ૧૫ ઑગસ્ટ ૨૦૨૨ સુધી સ્વાતંત્ર્યવીર શ્રેણી કાર્યક્રમ થયો. જેમાં ૨૧ સ્વતંત્રતાના ક્રાંતિકારીઓ વિશે બાળકો દ્વારા જીવન કવનનો પરિચય આપવામાં આવ્યો હતો. ભાગ લેનારાં તમામ બાળકોને સન્માનપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.



પહેલું કિરણ

રમેશ તન્ના

સને ૨૦૨૩ના વર્ષમાં અલગ વિચારીને તેમણે ૨૧ પરમવીરચક્ર પુરસ્કારથી સન્માનિત પરમવીરોની વંદના માટે કાર્યક્રમ વિચાર્યો. કારગિલ વિજયદિન ૨૬ જુલાઈથી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ સુધી તે ચાલ્યો. જેમાં બાળકો દ્વારા રોજ એક પરમવિરનો પરિચય કરાવાયો.૧૫ ઑગસ્ટે ભાગ લેનારાં તમામ બાળકોને સન્માનપત્ર આપીને પ્રોત્સાહિત કરાયાં.

તેઓ બાળકોની શક્તિઓને કઈ રીતે બહાર લાવી તેનો સતત વિચાર કરે. જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરે. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને જાહેરમાં ઈનામો અપાવે. સંગીત અને કાવ્ય રચના માટે પણ માર્ગદર્શન આપે. તેમનાં કેટલાંય બાળકો રાજ્યકક્ષા સુધી પહોંચ્યાં છે.

તેમની આ તમામ પ્રવતિઓમાં તેમનાં જીવનસાથી સજનબા તથા તેમનાં સંતાનો સ્નેહલબા અને વિવેકનો પૂરો સક્રિય સહયોગ મળે છ. સંતાનો એક ઉત્તમ શિક્ષકમાં જે સંવેદનશીલતા હોવી જોઈએ તે બધી જ આ એક રણના કાંઠે ફરજ બજાવતા ભગવતદાન ગઢવીમાં છે જેનો લાભ અનેક બાળકોને મળી રહ્યો છે.


જો આવા વધુ ભગવતદાન શિક્ષક તરીકે મળે તો ભગવાન ખુદ રાજી થાય તેમાં કોઈ શંકા નથી.

- ભગવતદાન ગુલાબસંગ ગઢવી
શિવશક્તિ સોસાયટી, સમી રોડ, મુ. શંખેશ્વર,
જિ. પાટણ
સંપર્ક નંબરઃ ૮૮૪૯૫ ૦૫૬૨૧

# મનગમતી વસ્તુ કરવા માટે ઉંમરનો પણ કોઇ બાધ નડવો ન જોઇએ! આપણે મનથી નક્કી કરીએ તો કશું જ અશક્ય નથી!

'તમારો વ્યવસાય ચાહે તે હોય અને તમારા કલાકો પ્રવૃત્તિથી ગમે તેટલા ભરચક હોય, પણ તમારા આંતરજીવનને તાજગી આપવા યોગ્ય થોડીક પળો રોજેરોજ મેળવવાનું ચૂકશો નહીં.'

- ચાર્લ્સ નોરટન



સપ્તાહની શરુઆત એટલે સોમવાર. સોમવારની સવારે હાથમાં ચાનો કપ લઈ પેપર વાંચતા વાંચતા આપણે હંમેશા એવું વિચારીએ છીએ કે શનિવાર અને રવિવાર કેટલી ઝડપથી પસાર થઈ ગયા અને કયારે આ સોમવાર આવી ગયો એનો ખ્યાલ જ ન રહ્યો! આમ તો આપણે બાળકો માટે એવું અવારનવાર કહેતા હોઈએ છીએ કે એકાદ રજા આવે ત્યાર પછી તેમને સ્કૂલે જવામાં કંટાળો આવે છે પણ આ વાત માત્ર બાળકો પૂરતી જ સીમિત નથી! આજની આ ફાસ્ટ લાઈફમાં રવિવારની રજામાં પણ આપણે તો કેટલાય કામોનું એક લાંબુ લિસ્ટ બનાવીએ છીએ અને એને પૂરું કરવામાં **Weekend** કયાં પસાર થઈ ગયું તેનો ખ્યાલ પણ રહેતો નથી! પણ એક વાત તો ચોક્કસ છે કે આટલા બધા કામોની વચ્ચે થોડીક અંગત ક્ષણો આપણે એવી શોધી લેવી કે જેનાથી આપણે **rechange** થઈ જઈએ!

આપણે શાળા-કૉલેજમાં હોઈએ ત્યારે ચિત્ર-સંગીત તેમજ વિવિધ **sports activi- ties** માં ભાગ લેતા હોઈએ છીએ! ૪૦-૬૦ વિદ્યાર્થીઓના **Class** માં બધા જ ચિત્રકલામાં નિપુણ હોય કે રસ ધરાવતા હોય એવું શક્ય નથી. તેમ છતાં કોઈ એકાદ બાળકમાં પણ એ નિપુણતા મળી આવે તે માટે બધાને રસ લેતા કરવામાં આવે છે દરેક બાળક પોત-પોતાની રસ-રૂચિ અનુસારની મનગમતી પ્રવૃત્તિ સ્વીકારી તેમાં પોતાની પ્રતિભાશક્તિને સુંદર રીતે કેળવી શકે છે તેમજ આત્મવિશ્વાસમાં અભિવૃત્તિ પણ કરી શકે છે! એક બાળક આખો દિવસ માત્ર ભણ્યા જ કરે તો તે માનસિક અને શારીરિક બંને દષ્ટિએ થાકી જાય પરંતુ, ભણતાં ભણતાં **break** લઈને પોતાને મનગમતી એકાદ પ્રવૃત્તિ પણ તે કરી લે તો તેની એકાગ્રતામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે! મનગમતી વસ્તુ કરવાનો થાક કે કંટાળો આપણને કયારેક આવતો નથી કે તેના માટે કોઈ **extra efforts** પણ કરવા પડતા નથી. અને માટે જ આવા પ્રકારની પ્રવૃત્તિઓ આપણા વ્યક્તિત્વને વિકસાવવા માટે અત્યંત જરુરી છે.



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતા એન્જીનીયર્સ હોય કે કોર્પોરેટ હોસ્પિટલમાં કામ કરનારા ડૉક્ટર્સ આ તમામ પોતાના **hectic schedule** વચ્ચે પણ કોઈ એકાદ મનગમતી પ્રવૃત્તિ કરવા માટેનો સમય ફાળવી જ લેતા હોય છે! એક સર્વે અનુસાર આજકાલ ઓબેસીટી અને માનસિક રોગોની તકલીફ લોકોમાં ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ પ્રકારની તકલીફો જો નિવારવી હશે તો આપણે આપણી **hobby** કે મનગમતી પ્રવૃત્તિ માટે જરુરી સમય પણ ફાળવવો જ પડશે! કોઈ એકાદ **sports** કે જે શાળાજીવનમાં અત્યંત મનગમતી રમત હતી અને હવે સમયના અભાવે સાવ જ ભૂલાઈ ગઈ છે તો આજથી જ એ રમતને તમારા દિવસના **planing list** માં સામેલ કરી દો અને પછી જુઓ એ એક કલાકની રમત તમારા ૨૪ કલાકના દિવસમાં તાજગીનો કેવો ચમત્કારિક ઉમેરો કરી દે છે!

મનગમતી વસ્તુ કરવા માટે ઉંમરનો પણ કોઈ બાધ નડવો ન જોઈએ! આપણે મનથી નક્કી કરીએ તો કશું જ અશક્ય નથી! સમયના અભાવે અને જવાબદારીઓના બોજા હેઠળ જે બાબતો પર ધ્યાન આપવાનું રહી ગયું હોય કે જે મનગમતી પ્રવૃત્તિઓનો ભોગ અપાયો હોય તેને યાદ કરો અને આજથી જ તે શોખને પુનઃપ્રસ્થાપિત કરવાનો પ્રયત્નોનો આરંભ કરી દો! સપ્તાહની શરુઆતે; દિવસની શરુઆતે; આપણી આ નવી કોલમની શરુઆતે પ્રથમ આપણે સૌએ એક સંબંધનું વાવેતર કર્યું અને હવે સમય છે તેમાં મનગમતી ઈચ્છાઓના પુષ્પોને ખીલવવાનો! આપણા વ્યક્તિત્વના છોડને આપણે એવો સુંદર રીતે ખીલવીએ કે તેમાં ખીલતાં પુષ્પોનો મઘમઘાટ આપણી સાથોસાથ આપણી આસપાસના માહોલને પણ સુગંધ અને તાગજીથી મહેકાવી દે! અને હા, આર્ટીકલનું ફીડબેક આપવાનું ચૂકશો નહિ, મને આપના ઈ-મેઈલની પ્રતિક્ષા રહેશે! આપનું આવનારું સપ્તાહ ફુલગુલાબી સુગંધિત સવાર અને રાતરાણીની મહેક સમી સાંજ લઈને આવે એ જ અપેક્ષા!

- nehalgadhavi101@gmail.com

# ભારતમાં સમાન નાગરિક ધારાની આવશ્યકતા

ભારત વિભિન્ન જ્ઞાતિઓ, જાતીઓ, ભાષાઓ, રીત-રીવાજો, ખાણીપીણી, વેષભૂષાઓ ધરાવતો બહુરંગી દેશ છે. ભારતના ઈતિહાસમાં અગાઉ ક્યારેય સમાન નાગરિક ધારાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ નહોતી બ્રિટીશ રાજયમાં સમાન નાગરિક ધારાની વિચારસરણી ઉત્પન્ન થયેલ જે લઘુમતીઓના વિરોધ વચ્ચે દબાઈ ગયેલ ત્યારે ભારતમાં લોકશાહી અને વિકેન્દ્રીત પધ્ધતિ હતી. રાજા રજવાડાઓ કે મુગલ સામ્રાજય હોય કે પૃથ્વીરાજ ચૌહાણનું સામ્રાજય હોય લોકો સંપીને રહેતા અને સંપૂર્ણ ધાર્મિક, સામાજીક અને આર્થિક આઝાદી રહેતી.

ભારતીય જનજીવનમાં ચાર મુખ્ય પાસાઓ વર્ણવવામાં આવ્યા છે. રાજ ધર્મ, ધાર્મિકતા, આર્થિકતા અને સામાજીકતા ઉપર ભારતીય અખંડતાનો પાયો નંખાયો છે. ધાર્મિક સત્તાઓ એ સમયે સંપૂર્ણપણે ધર્મગુરૂઓ હસ્તક હતી તેમાં રાજ ધર્મની કોઈ દખલગીરી નહોતી, આર્થિક પરિબળો શાહુકારોના હાથમાં હતી મુક્ત વેપારનું ચલણ હતું. સામાજીક બાબતોની સત્તા જ્ઞાતિના વડાઓના હાથમાં રહેતી તે લોકો લગ્ન, બાળ સંસ્કાર, છૂટાછેડા જેવી બાબતો જ્ઞાતિના વડાઓ નક્કી કરતા જ્ઞાતિ બહાર કાઢી મુકવાની પ્રથા પણ અમલમાં હતી તેથી લોકો જ્ઞાતિના રીત રીવાજ, કાયદા, કાનૂનનું સંપૂર્ણપણે પાલન કરતા સામાજીક ઝઘડાના ઉકેલ પણ જ્ઞાતિના વડાઓ દ્વારા જ લાવવામાં આવતા દરેક જ્ઞાતિના કાયદા, કાનૂન તેના રીત રીવાજ મુજબ નક્કી કરાતા અને તે વંશપરંપરાગત રીતે પેઢી દર પેઢી અપનાવી તેનું પાલન કરવામાં આવતું ત્યારે જ્ઞાતિ આધારીત સમાન કાયદાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ ન હોતી.

પરંતુ ભારતમાં બ્રીટીશરોનો પગપેસારો થતા તમામ આધારો ઉપર વર્ચસ્વ જમાવવા માટે ભાગલા પાડો અને રાજકરોની નીતિના કારણે ધર્મ ધર્મ વચ્ચે, કોમ કોમ વચ્ચે વયમનસ્ય પેદા કરવામાં આવ્યા તેની અસર સામાજીક જીવન ઉપર થતી ગઈ બ્રીટીશરોએ અદાલતોની સ્થાપના કરી અને ન્યાય અદાલતોમાં કરવામાં કરવા લાગ્યા જ્ઞાતિ કે સામાજીક વડાઓનું વર્ચસ્વ ત્યાંથી ઘટતું ગયું સમાજમાં ભય કે ડર રહ્યો નહી પરંપરાઓ તુટવા લાગી. ખૂન, છેપરપીંડી, મારપીટ જેવા




ગુન્હાઓની શરૂઆત આ પ્રથા તુટવાના કારણે ઉદ્દભવી તેથી અદાલતોનું વર્ચસ્વ સમાજમાં વધ્યું અને સામાજીક ન્યાયની જગ્યાએ ન્યાયાધીશના ન્યાયે લીધુ. કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવ્યું, અંગ્રેજ સરકારે ભારતીય પ્રજાના સામાજીક જનજીવન ઉપર કાયદાનું પ્રભુત્વ વધારવા માંડ્યું. હિન્દુ તથા મુસ્લીમ ધર્મ ગુરૂઓનું વર્ચસ્વ ઘટવા લાગતા સામાજીક સુધારણાની ઝુંબેશ ચાલતા જડ પરંપરાઓનો અસ્ત થવા લાગ્યો, વિધવા વિવાહની શરૂઆત તથા બાળ લગ્નોની પ્રથા પર પ્રતિબંધ આવ્યો.

બ્રીટીશ સરકારે સને ૧૪૬૫ માં વિધવા મહિલાઓને પતિ તથા પિતાની સંપત્તીમાં ભાગ અપાવવા ઈન્ડીયન સકસેશન એકટ લાગુ કરવામાં આવ્યો તથા ખ્રીસ્તીઓ માટે પણ ઈન્ડીયન મેરેજ એકટ ૧૮૬૪ લાગુ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૨૩ માં મેરીડ વીમેન્સ પ્રોપર્ટી એકટ નામનો કાયદો પસાર કરવામાં આવ્યો. ૧૯૩૭ માં બ્રીટીશરોએ સમાન નાગરિક ધારા માટે માત્ર હિન્દુઓની એક કમીટી બનાવી જેનું સુકાન બી. એન. રાવ નામના કાયદાવિદે સંભાળ્યું જેનો રીપોર્ટ પાછળથી રાવ કમીટીના રીપોર્ટ તરીકે પ્રસ્થાપિત થયો તેમણે હિન્દુ મહિલાઓને અત્યાચારનો ભોગ બનતી અટકાવવા માટે સમાન નાગરિક ધારાની આવશ્યકતા ઉપર ભાર મુક્યો જે કમીટીનું ૧૯૪૪ માં ફરીથી ગઢન કરવામાં આવ્યું જેનો રીપોર્ટ ૧૯૪૭ માં સરકારને સોંપવામાં આવ્યો. બ્રીટીશ અદાલતોમાં હિન્દુ લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક વિગેરેના કેસોના ચુકાદા હિન્દુ વારસા ધારા તથા હિન્દુ શાસ્ત્રો મુજબ થતો અને તેના ઉપરથી પ્રથમ હિન્દુ લો "હિન્દુ નિબંધ'' ની રચના કરવામાં આવી તેમાં હિન્દુ ધર્મ, જ્ઞાતિ, રીવાજ, પરંપરા વિગેરેને સાંકળી સ્ત્રીઓ માટેના અલગ કાયદા બનાવવામાં આવ્યા અને તેનું પાલન કરવાનું ફરજીયાત કરવામાં આવ્યું.



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

૧૯૪૭ માં બ્રીટીશ સરકારે સરીયતના આધારે મુસ્લીમ લોની રચના કરી અને મુસ્લીમ લો બોર્ડની સ્થાપના કરવામાં આવી ૧૯૪૭ થી ૧૯૫૦ માં આઝાદી બાદ રાવ કમીટીના રીપોર્ટની ચર્ચા કરી મહત્વના મુદ્દાઓને કાયદામાં સાંકળી લેવામાં આવ્યા પરંતુ બંધારણના ઘડવૈયાઓની કમીટીમાં રાવ કમીટીના રીપોર્ટ અંગે મતભેદ થતા સમાન સીવીલ કોડનો સમાવેશ મૂળભૂત હક્કોની યાદીમાં કરવાના બદલે બંધારણની ૪૪ મી કલમને સિધ્ધાંતના રૂપમાં કરવામાં આવ્યો. ભારતમાં શાહબાનુના કેસ બાદ ઘણી બધી ચર્ચા અને મુસ્લીમ લો બોર્ડ તથા ઈમામોની સલાહ લઈ મુસ્લીમોને સમાન નાગરિક કાયદાના પાલન બાબતે સહંમત કરવામાં આવ્યા પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભારતમાં કોંગ્રેસ સરકારમાં રાજીવ ગાંધીની સરકારને રાજકીય મત બેન્કોને ધ્યાનમાં લઈ મુસ્લીમોને નારાજ ના કરવાના ઈરાદે તથા આગામી ચૂંટણીમાં મુસ્લીમ મતદારોને તરફેણમાં લેવા માટે સંસદમાં સુપ્રીમ કોર્ટના ૧૯૮૫ના ચુકાદાને ઠરાવ પસાર કરી રદ કરવામાં આવ્યો જે ભારતના બંધારણમાં કાયદાના ખૂન સમાન કાળો દિન ગણવામાં આવ્યો ત્યારથી મુસ્લીમ લો બોર્ડ, સરીયતના કાયદાનો અમલ તથા સમાન સીવીલ કોર્ડ વિવાદમાં રહ્યા છે હવે ભારતમાં મુસ્લીમો શિક્ષીત થયા છે. મહિલા શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેથી મુલ્લાઓ, ઈમામોની ચુંગાલમાંથી બહાર આવી નવી પેઢી સમાન નાગરિક ધારાની તરફેણ કરતી થઈ છે જે એક નવી આશા સમાન છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in